શાળાઓમાં વિદ્યાર્થીઓનુ વૈદિક મંત્રોચ્ચારથી સ્વાગત કરાશે

ભયમુક્ત વાતાવરણ વચ્ચે શાળાના ગેટથી વર્ગખંડ સુધી તકેદારી રખાશે : માસ્ક અને સેનેટાઇઝેશન કીટ આપીને પણ વિદ્યાર્થીઓને વેલકમ કરાશે : વર્ગખંડમાં વિદ્યાર્થીઓની બેઠક વચ્ચે ૬ ફુટનુ અંતર રાખવામાં આવશે : મહીનાઓના અંતે શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓની કોલાહલ ગુંજશે શિક્ષકોમાં પણ ઉત્સુકતા

ગાંધીનગર તા ૯

કોરોનાના કપરા કાળમાં લાંબા સમયના અંતે શાળાઓ ખુલવા જઇ રહી છે. ત્યારે મહીનાઓથી શાળાઓમાં વિદ્યાર્થીઓ વિના સુનકાર છવાયેલો હતો ત્યારે શાળાઓમાં વિદ્યાર્થીઓનો કોલાહલ ગુંજતા થશે. જેના લીધે શિક્ષકોમાં પણ ઉત્સુકતા જોવા મળી રહી છે. આગામી તા ૧૧ જાન્યુઆરીથી ધો -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શાળાઓ ખુલશે ત્યારે શાળા કક્ષાએ પણ કોરોનાના સંજોગોને ધ્યાને લઇ વિદ્યાર્થીઓની સલામતી માટે પુરતી તૈયારીઓ કરવામાં આવી છે. નગરની શેઠ સી એમ વિદ્યાલયમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે વિદ્યાર્થીઓને વેલકમ કરવામાં આવશે જયારે અન્ય કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓને માસ્ક અને સનેટાઇઝરની કીટ આપીને શાળામાં પ્રવેશ આપવામાં આવશે. કોરોના કાળમાં શાળાઓ શરૂ કરવા માટે જરૂરી સરકારની ગાઇડલાઇનનુ પાલન કરવા માટે પણ શાળા કક્ષાએ તૈયારીઓ કરી દેવામાં આવી છે.

કોરોના કાળમાં લાંબા સમયના અંતે શાળા કોલેજો ખોલવાનો નિર્ણય લેવાયો છે. આગામી તા ૧૧ જાન્યુઆરીથી ધો -૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શાળાના વર્ગખંડમાં શિક્ષણ આપવાની શરૂઆત કરવામાં આવશે. કોરોનાના કહેર વચ્ચે છેલ્લા આઠ મહીનાથી શાળા કોલેજો બંધ છે ત્યારે હવે શિક્ષણ વિભાગે શાળાઓ શરૂ કરવા માટેની જાહેરાત કરી દેતા શાળા સંચાલકો તેમજ શિક્ષકો સહીતનો સ્ટાફ હાલ તૈયારીમાં લાગી ગયો છે. મહીનાઓના અંતે શાળાઓમાં વિદ્યાર્થીઓની અવરજવર જોવા મળશે. લાંબા સમયથી સુનકાર ભાસતા શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓની કોલાહલ ગુંજશે. ત્યારે શાળાઓ શરૂ કરવાના આયોજનમાં વ્યસ્ત શિક્ષકો અને શાળા સંચાલકો પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જો કે વાલીઓએ હજુ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવા પુર્ણરીતે મન બનાવ્યુ હોવાનુ સ્પષ્ટ થતુ નથી. પરંતુ કોરોનાના કપરા કાળમાં પ્રથમવાર શાળાઓ ખુલવા જઇ રહી ત્યારે શાળા કક્ષાએ જરૂરી તકેદારી સાથે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ અંગે નગરમાં સે-૨૩ સ્થિત શેઠ સી એમ વિદ્યાલયના આચાર્ય ડો ચેતના બુચે જણાંવ્યા મુજબ શાળાઓમાં વિદ્યાર્થીઓનો કલરવ ગુંજશે તે વાતથી સમગ્ર શાળાનો સ્ટાફ રોમાંચિત છે અને વિદ્યાર્થીઓને આવકારવા માટે પણ ઉત્સુક છે. શાળાના પ્રારંભે વિદ્યાર્થીઓને તાળીઓના ગગડાથી વેલકમ કરવામાં આવશે. જયારે

વૈદિક મંત્રોચ્ચાર અને પ્રાર્થના સાથે શિક્ષણ કાર્ય શરૂ કરાશે. નગરની કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓને વેલકમ કરવા માટે સેનેટાઇઝેશન તેમજ માસ્કની કીટ પણ તૈયાર કરાઇ છે. શાળા કક્ષાએ એસ ઓ પી ના પાલન મામલે પણ વિદ્યાર્થીઓ અને વાલીઓને વાકેફ કરાયા છે. જયારે વાલીઓને તેમના બાળકોની રોગપ્રતિકારક શકિત બુસ્ટ અપ રહે તે માટે પણ માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે. ધો -૧૦ અને ૧૨ માં બોર્ડની મહત્વની પરીક્ષા લેવાની છે ત્યારે અત્યાર સધી ચાલી ગયેલા અભ્યાસક્રમનુ વિહંગાવલોકન તેમજ બાકીના અભ્યાસક્રમનુ નિયમિત શિક્ષણ કાર્ય પણ હાથ ધરાશે. વિદ્યાર્થીઓમાં કોરોનાના હાઉ ઉભો કર્યા વગર વિશેષ કાળજી સાથે શિક્ષણ કાર્યની શરૂઆત કરવામાં આવશે. જયારે શાળાના એક વર્ગખંડમાં વિદ્યાર્થીઓ વચ્ચે સલામત અંતર જળવાય તે માટે ૬ ફુટનુ અંતર રાખવામાં આવશે. માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન ઉપરાંત સેનેટાઇઝેશનનો પણ ખ્યાલ રાખવામાં આવશે. વાલીઓની સંમતિને ધ્યાનમાં લઇને જ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. શાળાના ગેટથી વર્ગખંડ સુધી મોનીટરીંગ કરાશે વિદ્યાર્થીઓ ભયમુક્ત બની શિક્ષણ મેળવે તે દિશામાં પણ આયોજન કરાયુ છે. ઓફલાઇન અને ઓનલાઇન શિક્ષણ પુરુ પાડવામાં આવશે.સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલના ડાયરેકટ ઉમંગ વસાણીએ આ અંગે જણાંવ્યા મુજબ સરકારની માર્ગદર્શિકા અને સ્વ જાગૃતિ દ્વારા વિદ્યાર્થીઓને શાળામાં બોલાવી શિક્ષણ કાર્યને ધમધમતુ કરી શકાશે. વર્ગખંડમાં પણ સિમિત સંખ્યામાં જ સોશિયલ ડીસ્ટન્સીંગ સાથે શિક્ષણ કાર્યહાથ ધરાશે. કોરોના સામેની લડત અને શિક્ષણ કાર્ય બંનેનુ સંતુલન કેવી રીતે કરવુ તેનુ યોગ્ય માર્ગદર્શન મનોવૈજ્ઞાનિક પધ્ધતિથી શાળા કક્ષાએ આપવામાં આવશે. વિદ્યાર્થીઓ વચ્ચે છ ફુટનુ અંતર રહે તે મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવાશે. લાંબા સમય બાદ શાળાઓમાં વિદ્યાર્થીઓની કોલાહલ ગુંજશે ત્યારે શાળા કક્ષાએથી પણ કોરોનાના સંક્રમણથી વિદ્યાર્થીઓનુ રક્ષણ થાય અને ભયમુકત વાતાવરણમાં શાળાઓમાં શિક્ષણ કાર્યશરૂ કરવા માટે નવતર અભિગમ અપનાવાયો છે.

માણસા તાલુકાના ઈટાદરા ખાતે ભાજપની બૃહદ સંકલન બેઠક મળી હતી. ડૉ. હર્ષદભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં મળેલ આજની બેઠકમાં શહેર ભાજપના આગેવાનો મહેન્દ્રભાઈ દાસ, બિપીન રાવલ, સુભાષભાઈ પટેલ, કમલેશભાઈ બેંકર તેમજ જિલ્લા તાલુકા પંચાયતના સહ ઈન્ચાર્જ, બુથ પ્રમુખો, શક્તિ કેન્દ્રના ઈન્ચાર્જો, સહકારી આગેવાનો, વેપારી આગેવાનો તેમજ સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મગોડી ગામમાંથી ચાઈનીઝ દોરીની ૩૭ ફીરકી ઝડપાઈ

સેકટર-૨૧ ખાતેથી ચોઈનીઝ દોરીના ૧૮ રીલ પોલીસે પકડી પાડ્યા

ગાંધીનગર, તા.૯

ઉતરાયણ પર્વમાં પક્ષીઓ તેમજ માનવી માટે જીવલેણ સાબિત થતી ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ છે. તેમ છતા કેટલાક વેપારીઓને ચાઈનીઝ દોરીનો મોહ છુટતો ન હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં દહેગામમાંથી એક લાખ રૂપીયાની ચાઈનીઝ દોરીનો જથ્થો પોલીસે પકડી પાડ્યો હતો. તો બીજીતરફ શનિવારના રોજ ચિલોડા-દહેગામ માર્ગ પર મગોડી ગામમાંથી પણ પોલીસે ૩૭ ચાઈનીઝ ફીરકી ઝડપી પાડી હતી. જયારે સેકટર-૨૧ પોલીસે ચર્ચ પાસેથી ચાઈનીઝ દોરીના ૧૮ રીલ ઝડપી પાડ્યા છે. પોલીસે બંન્ને વેપારી સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મગોડી જૈન દેરાસર પાસે ટાવર ચોકમાં આવેલી નીતા પાન પાર્લર એન્ડ કટલરી સ્ટોર ખાતે ચાઈનીઝ દોરીનું વેચાણ થઈ રહ્યું છે. જેને પગલે ચિલોડા પોલીસના જવાનોએ રેઈડ પાડીને દુકાનમાં તપાસ કરતા ચાઈનીઝ દોરીની ૩૭ ફીરકી મળી આવી હતી. જેથી પોલીસે માલિક અરવિંદભાઈ રતિલાલ શાહ (ઉં.૫૯ વાણીયાવાસ મગોડી) મળી આવ્યા હતા.પોલીસે રૂ.૩૭૦૦ ની કિંમતની ૩૭ ફીરકી અને રૂ.૫ હજારનો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૮,૭૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી વેપારી સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે સેકટર-૨૧ પોલીસ મથકના ડી સ્ટાફના જવાનો મહાવીરસિંહ રાણા અને અલ્પેશસિંહે બાતમીને પગલે સેકટર-૨૧ પતંગ સ્ટોલની પાછળ ઝાળીમાંથી સેકટર-૨૪ ઈન્દીરાનગર છાપરામાં રહેતા સાગર પટ્ટણી (ઉં.૧૯)અને વિક્રમ પટ્ટણી (ઉં.૨૪) ને પકડી પાડ્યા હતા. પોલીસે તેમની પાસે રહેતા કંતાનના કોથળામાંથી રૂ.૪૫૦૦ ની કિંમતના ૧૮ રીલ દોરીના ઝડપી પાડ્યા હતા. પોલીસે વેપારી સામે જાહેરનામ ભંગનો ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

ગાંધીનગરમાં આર્મી દિવસ નિમિત્તે 'વિજય દોડ' મેરેથોનનું આયોજન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર ખાતે કોણાર્ક કોર્પ્સ દ્વારા આગામી તા.૧૫મી જાન્યુઆરીના રોજ ૭૩મા આર્મી દિવસ નિમિત્તે અને ૧૯૭૧માં થયેલા ભારત- પાકિસ્તાન યુદ્ધમાં ભારતના વિજયની સ્વર્ણિમ જયંતિના ભાગરૂપે 'વિજય દોડ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ગાંધીનગર ખાતે યોજાશે અને અન્ય સ્ટેશનો તેમજ કોણાર્ક કોર્પ્સના સ્થળોએ પણ આવા જ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

કોણાર્ક કોર્પ્સના જનરલ ઓફિસર કમાન્ડિંગ લેફટેનન્ટ જનરલ અનિલ પૂરી, સેના મેડલ, વિશિષ્ટ સેવા મેડલએ આ મેરેથોનના માધ્યમથી ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા યુદ્ધમાં ભારતીય સૈન્યની અજોડ સિદ્ધિના સંદર્ભમાં વ્યાપક જનસમુદાયમાં જાગૃતિ ફેલાવવાનું અને રાષ્ટ્ર માટે કોણાર્ક કોર્પ્સની અવિરત સેવાનો પુનરુચ્ચાર કરવા માટે આ પ્લેટફોર્મનો ઉપયોગ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. નાગરિક સમાજ, અર્ધ લશ્કરી દળો અને ત્રણેય સેવાના કોણાર્ક કોર્પ્સ જવાનો આ ૨૧ કિલોમીટરની હાફ મેરેથોનમાં જોડાશે જે તમામ વર્ગો માટે ખુલ્લી રાખવામાં આવી છે. મેરેથોનનું આયોજન વર્ચ્યુઅલ કરવામાં આવશે અને સંખ્યાબંધ ઉત્સાહિત લોકોએ આ માટેની નોંધણી એલએસ સ્પોર્ટ્સની વેબસાઈટઃ રॅજઃ//ઋજજઁજિ.હ દ્વારા તેમજ ગૂગલ એપ સ્ટોર પર ઉપલબ્ધ એલએસ સ્પોર્ટ્સ એપ્લિકેશન દ્વારા કરાવી છે. કાર્યક્રમમાં સામાવેલી અન્ય બે શ્રેણી રૂપે હાફ મેરેથોન ઈન્ટર બટાલિયન સ્પર્ધા અને મહિલાઓ તેમજ બાળકો માટે ૧૦કિલોમીટરની દોડની સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

એલઆરડી આંદોલનમાં વધુ ૨૪ ઉમેદવારોની અટકાયત

એલઆરડી મહિલા ઉમેદવારોની બેઠક વધારવાની સાથે જ એલઆરડી પુરુષ ઉમેદવારો પણ બેઠક વધારવા માટે છેલ્લા કેટલાક સમયથી આંદોલન કરી રહ્યા છે. ત્યારે કોરોનાની વૈશ્વિક મહામારીમાં ધીમા પડી ગયેલા એલઆરડી પુરુષ આંદોલન તા.૪ જાન્યુઆરીથી ધીમીગતિએ વેગવંતુ બનતુ જાય છે. સોમવારના રોજ મોટીસંખ્યામાં એલઆરડી પુરુષ ઉમેદવારો ગાંધીનગરના સ્વર્ણીમ પાર્ક ખાતે એકઠા થયા હતા અને ધરણા યોજીને સુત્રોચ્ચાર કરી વિરોધ દર્શાવ્યો હતો. આ સમયે પોલીસે આવીને ૧૭૯ ઉમેદવારોને અટકાયત કરીને જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જો કે આંદોલનના મુડમાં જણાતા ઉમેદવારો મંગળવાર અને બુધવારના રોજ પણ આવી ગયા હતા જેને પગલે પોલીસે ૩૬ ઉમેદવારોની અટકાયત કરી હતી. ત્યારબાદ બે દિવસ એલઆરડી આંદોલનકર્તાઓએ દેખા દીધી ન હતી. પંરતુ શનિવારના રોજ ફરીવાર સ્વર્ણીમ પાર્ક ખાતે એલઆરડી આંદોલનકર્તાઓ આવી જતા પોલીસે ૨૪ એલઆરડી ઉમેદવારોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખૂણેખાંચરેથી

- કોરોના વેક્સીનેશનની તૈયારીઓ અંગેની આજે સુશ્રી જયંતિ રવિએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં આજે પણ ૧૫ થી ઓછા કેસ કોરોનાના નોંધાયા છે.
- ગાંધીનગર શહેરના નવા સેક્ટરોમાં ડહોળા પાણીની સમસ્યા વધુને વધુ વકરી રહી હોવાથી નગરજનોમાં રોષની લાગણી જન્મી છે.
- ગાંધીનગર શહેરમાં આજે રજાનો માહોલ હોવાથી ટ્રાફિકનું ભારણ ઓછુ જણાયુ હતુ.
- પતંગ બજારમાં હજુ જોઈએ તેવી ઘરાકી જામી નથી સાથે ચીકીનું વેચાણ પણ હજુ ધીમી ગતિએ ચાલી રહ્યુ હોવાનું વેપારીઓએ કહ્યુ છે.
- ગાંધીનગર સે. ૨૭ માં સોમેશ્વર સોસાયટીના વસાહતીઓ સહિત વિવિધ સેક્ટરોના મહિલા મંડળો દ્વારા ઉત્તરાયણના પર્વે શ્વાનો માટે ખાસ લાડુ બનાવવાના આયોજનો હાલ પુરજોશમાં ચાલી રહ્યા છે.
- પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીને શ્રદ્ધાંજલિ આપવા માટે આજે બપોરે ૧૨ વાગે રાજ્યમંત્રી મંડળની ખાસ બેઠક મળી હતી.

તપોવન સર્કલ પાસે રોડ ક્રોસ કરતા આધેડનું ઈકો કારની અડફેટે મૃત્યુ

ગાંધીનગર, તા.૯

એપોલો સર્કલ થી તપોવન સર્કલ તરફ જવાના માર્ગ પર ઈન્ફોટેકની સામે માર્ગ ક્રોસ કરવા જતા એક આધેડનું ઈકો કારની અડફેટે આવી જતા ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું. જયારે અકસ્માત બાદ ચાલક ઈકો મુકીને ભાગી ગયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ઉતરપ્રદેશના અને છેલ્લા દોઢ વર્ષથી અમદાવાદ એસપી રીંગરોડ પર ડીવાઈન પ્લોટની ઓરડીમાં અગોરામોલની બાજુમાં સુઘડ ખાતે રહેતા અને પાશ્વનાથ એટલાન્ટીકામાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા ગયા ઉર્ફે રામપ્રસાદ સીપાહીલાલ કેવટ (ઉં.૫૮) શનિવારના સવારના ૯ વાગ્યાના અરસામાં એપોલો સર્કલ થી તપોવન સર્કલ તરફ જઈ રહ્યા હતા તે સમયે પાશ્વનાથ ઈન્ફોટેકની સામે માર્ગ ઓળંગતી વખતે પુરપાટ ઝડપે આવી રહેલી ઈકો કાર નં.આર.જે. ૨૭.યુ.બી.-૩૭૭૧ની અડફેટે ગયા ઉર્ફે રામપ્રસાદ આવી જતા તેઓને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે આસપાસના નાગરીકો આવી જતા ૧૦૮ ને બોલાવી હતી. પરંતુ ગંભીર ઈજાને પગલે આધેડનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું.બનાવની જાણ પોલીસને થતા તાત્કાલીક ઘટના સ્થળે આવી ગઈ હતી. પોલીસે મૃતદેહ પીએમઅર્થે મોકલી આપી રામપ્રસાદ જગન્નાથ પ્રજાપતિની ફરીયાદને પગલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભાજપ લઘુમતિ મોરચાના મહેસાણાના ચૂંટણી પ્રભારી તરીકે મો. ઈસ્માઈલ પઠાણની વરણી

ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાની સૂચનાથી ગુજરાત પ્રદેશ ભાજપ

લઘુમતિ મોરચાના પ્રદેશ નેતૃત્વ દ્વારા સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી ૨૦૨૧ માટે મહેસાણા જિલ્લાના પ્રભારી તરીકે મો. ઈસ્માઈલ પઠાણ (પેથાપુર)ની નિમણુંક કરવામાં આવી છે. મો. ઈસ્માઈલ પઠાણની આ નિમણુંકને પગલે સાથી હોદ્દેદારો અને મિત્ર મંડળ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા લેફટનન્ટ જનરલ સૈયદ અતા હસ્નાઈનું આર.આર.યુ.માં વિશેષ વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૯

ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળની રાષ્ટ્રીય મહત્વની સંસ્થા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી આરઆરયુ ખાતે લેફટનન્ટ જનરલ સૈયદ અતા હસ્નાઈનું વિશેષ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. ન્યુ ગ્રેમ ગેમના કેન્દ્રમાં જન્મુ કશ્મીર છે ત્યારે લેફટનન્ટ જનરલ સૈયાદ અતા હસ્નાઈએ જણાવ્યું હતું કે આ હાઈબ્રીડ યુધ્ધનો યુગ છે તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય મીડિયાએ આ ક્ષેત્રને આવરી લેતી વખતે શિક્ષિત દૃષ્ટિકિયા અપનાવવાની જરૂર છે. આ વ્યાખ્યાન સમગ્ર દેશમાં સી.એ.પી.એફ., રાજય પોલીસ, શિક્ષકો, પ્રોફેશનલ્સ, ન્યાયતંત્ર, પીએચ.ડી. વિદોના અને વિદ્યાર્થીઓ સહિત ૭૦ સહભાગીઓ દ્વારા જોવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનના કન્વીનર ડૉ. અક્ષત મહેતા, યુનિના ડીન અને ડીરેકટર એસ.આઈ.એસ.પી.એ અને સહ કન્વીનર અભિષેક અવધ રહ્યા હતા.

ભારત સરકારના સોવરિન ગોલ્ડ બોન્ડ દરેક પોસ્ટ ઓફિસથી મળશે

ગાંધીનગર, તા. ૯

ભારત સરકારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સાથે પરામર્શ કરીને સોવરિન ગોલ્ડ બોન્ડ ઈશ્યુ કરવાનો નિર્ણય લીધો છે જે અંતર્ગત અલગ અલગ ત્રણ પ્રકારના સોવરિન ગોલ્ડ બોન્ડને કોઈપણ પોષ્ટ ઓફિસ ખાતેથી ખરીદી શકાશે. આ બોન્ડમાં લઘુત્તમ રોકાણ ૧ ગ્રામનુ અને મહત્તમ રોકાણની મર્યાદા વ્યક્તિગત રોકાણકાર માટે ૪ કિલોની રહેશે. રોકાણનો ગાળો આઠ વર્ષનો નિયત કરાયો છે પરંતુ રોકાણકાર પાંચ વર્ષ પછી ઈચ્છે તો એક્ઝિટ વિકલ્પનો ઉપયોગ કરી શકશે.

ગુજરાત સર્કલ હેઠળની કોઈપણ પોસ્ટ ઓફિસ ખાતેથી ઉપલબ્ધ થનારા સોવરિન ગોલ્ડ બોન્ડ માટે મહત્તમ રૂ. ૨૦ હજાર સુધીની રોકડ ચુકવણીનો વિકલ્પ મળશે તે ઉપરાંત ડિમાન્ડ ડ્રાફ્ટ, ચેક, ઈલેક્ટ્રોનિક બેંકિંગ દ્વારા પણ રોકાણ કરી શકાશે. ગોલ્ડ બોન્ડ્સને ભારત સરકાર સ્ટોક તરીકે જીએસ એક્ટ ૨૦૦૬ હેઠળ રજૂ કરી રહી છે અને રોકાણકારને તે માટે હોલ્ડિંગ સર્ટિફિકેટ આપવામાં આવશે.

આ બોન્ડસ ડિમેટ સ્વરૂપમાં રૂપાંતરિત કરી શકાશે તેમજ નજીવા મૂલ્ય પર રોકાણકારોને અર્ધ વાર્ષિક ચૂકવવા પાત્ર વાર્ષિક ૨.૫૦ ટકાના દરે વ્યાજ મળવા પાત્ર રહેસે. બોન્ડસ એકચેન્જ પર ટ્રેડેબલ રહેશે અને બોન્ડસની વિમોચન કિંમત આઈબીજેએ લિમિટેડ દ્વારા પ્રકાશિત અગાઉના ૩ કાર્યકારી દિવસોના ૯૯૯ શુદ્ધતાના સોનાના બંધ ભાવની સરેરાશના આધારે ભારતીય ચલણમાં રહેશે. આ બોન્ડસમાં રોકાણ કરવા નજીકની કોઈપણ પોસ્ટ ઓફિસનો સંપર્ક સાધી શકાશે.

સોવરિન બોન્ડસ ઈશ્યુની વિગત

બોન્ડનો પ્રકાર	ફોર્મ ભરવાની તારીખ	ઈશ્યુ તારીખ
૨૦૨૦-૨૧ સિરિઝ-૧૦	જાન્યુ. ૧૧ થી ૧૫	૧૯મી જાન્યુઆરી
૨૦૨૦-૨૧ સિરિઝ-૧૧	ફેબ્રુ-૦૧ થી ૦૫	૦૯ મી ફેબ્રુઆરી
૨૦૨૦-૨૧ સિરિઝ-૧૨	માર્ચ-૦૧ થી ૦૫	૦૯ મી માર્ચ

ગાંધીનગર ખાતે ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોની પ્રથમ બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ભાજપા પ્રદેશ મંત્રી મહેશભાઈ કસવાલાએ મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ", ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતિમાં નવનિયુક્ત પ્રદેશ હોદ્દેદારોની પ્રથમ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશના મહામંત્રી ભાર્ગવભાઈ ભટ્ટ, રજનીભાઈ પટેલ, પ્રદિપસિંહ વાઘેલા, વિનોદભાઈ ચાવડા તેમજ પ્રદેશ ઉપપ્રમુખો, પ્રદેશ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આજની આ બેઠકમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અંતર્ગત વિવિધ મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને પ્રદેશની નવનિયુક્ત ટીમે ભાજપાના ભવ્ય વિજયની કામના સાથે તેમને સોંપાયેલી જવાબદારી સુપેરે નિભાવવા માટેનો નીર્ધાર વ્યકત કર્યો હતો.

નવનિયુક્ત પ્રદેશ પદાધિકારીઓની બેઠકના પૂર્વે પ્રદેશ ભાજપા કાર્યાલય ખાતે પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ લીગલ સેલની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશના મહામંત્રી ભાર્ગવભાઈ ભટ્ટ, રજનીભાઈ પટેલ, પ્રદિપસિંહ વાઘેલા, વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ચૂંટણી લીગલ સેલના કન્વીનર પરીન્દુભાઈ ભગત તેમજ પ્રદેશ લીગલ સેલના કન્વીનર જે.જે. પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આઠ હજારથી વધુ ઉમેદવારો જયારે આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ઝંપલાવવાના છે ત્યારે જિલ્લા અને મંડલ સ્તરે વ્યવસ્થાના આયોજન અંગે આ બેઠકમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ જ પ્રકારે આગામી ચાર દિવસમાં જિલ્લા સ્તરે લીગલ સેલની કાર્યશાળા યોજાશે તેમજ મંડલ સ્તરે ગ્રૂપ મિટિંગોનું આયોજન થશે અને આગામી ચૂંટણીઓના અનુસંધાને કાયદાકીય અને આચારસંહિતાને લગતી બાબતો અંગે સ્થાનિક સ્તરે માર્ગદર્શન આપવામાં આવશે.